









કમાટીબાગ ખાલીખમ, ગૌરીવ્રતના જાગરણ પર મેઘરાજાનું ગ્રહણ



ગૌરીવ્રતના જાગરણ દરમિયાન વડોદરામાં પડેલા ધોધમાર વરસાદે શહેરનું જનજીવન પ્રભાવિત કર્યું હતું. સયાજી બાગમાં દર વર્ષની સરખામણીએ ભારે સુનકાર જોવા મળ્યો, જ્યારે દાંડિયા બજાર, રોકડનાથ સહિતના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. વરસાદને કારણે માર્ગો જળબંબાકાર બન્યા, વાહનવ્યવહાર ખોરવાયો અને વ્રત કરતી બાળાઓ તેમજ પરિવારજનોના ઉત્સાહ પર પણ પાણી ફરી વળ્યું. શહેરના વિવિધ વિસ્તારોમાં સર્જાયેલા જળભરાવના દ્રશ્યો ચોમાસાની તીવ્રતાની સાક્ષી બન્યા.

### વડોદરા ક્રાઇમ બ્રાન્ચે આંતરરાજ્ય બાળ તસ્કરીનો પર્દાફાશ, 8 દિવસના નવજાતનો બચાવ

# બાળ તસ્કરી કરતી ગેંગ દ્વારા અગાઉ પણ ૩ બાળકો મુંબઈ વેચ્યાનો સનસનાટીભર્યો ખુલાસો

**૫ બાળકો ધરાવતા માતા-પિતાની નબળી આર્થિક સ્થિતિનો ફાયદો ઉઠાવી સગા શ્રવણ પારગી અને દલાલ બાળક વેચવાનો પ્લાન કર્યો**

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે નેશનલ હાઈવે-48 પરથી 8 દિવસના નવજાત બાળકને મુંબઈ વેચવા લઈ જતાં દંપતીની ધરપકડ કરી આંતરરાજ્ય બાળ તસ્કરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બાળકને સુરક્ષિત રીતે એસએસજી હોસ્પિટલમાં ખસેડી મનોજ કેશાભાઈ રાવળ, તેની પત્ની વીણાબેન અને અન્ય મુખ્ય સાગરીતની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા છે.

ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે લેઝન્ડ હોટેલ નજીકથી દંપતીને ઝડપી લેવામાં આવ્યું હતું. તપાસમાં સામે આવ્યું કે ગરીબ પરિવારની આર્થિક મજબૂરીનો લાભ લઈ બાળકના માતા-પિતાને રૂપિયા 2 લાખ અને દલાલને કમિશન આપી નવજાતને મુંબઈમાં રૂપિયા 3 લાખમાં વેચવાનો સોદો થયો હતો.

વધુ પૂછપરછમાં આરોપીઓએ છેલ્લા દોઢ મહિનામાં બનાસકાંઠાના ત્રણ અન્ય નવજાત બાળકો પણ એજન્ટો મારફતે મુંબઈમાં વેચ્યાનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પોલીસે સમગ્ર નેટવર્કના અન્ય આરોપીઓ અને ખરીદનારાઓ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

**મુંબઈના ડોક્ટરના કહેવાથી બસમાં બેસાડ્યા**

આ કૌભાંડમાં વીણાબેનના ભાઈ સુનીલ રાવળે મુખ્ય ભૂમિકા ભજવી હતી. સુનીલે ૩ દિવસ બાળક પોતાની પાસે રાખ્યા બાદ બહેન-બનેવીને મુંબઈ બાળક પહોંચાડવા બદલ રૂ. ૨૦ હજાર આપવાની લાલચ આપી હતી. સુનીલે મુંબઈના ડોક્ટર નામના દલાલનો નંબર આપી સિદ્ધપુરથી બસમાં બેસાડ્યા હતા અને રસ્તામાં જ વડોદરા ક્રાઇમ બ્રાન્ચે તેઓને દબોચી લીધા હતા.

**AHTU દ્વારા તપાસ, પોલીસની ૪ ટીમ રવાના**

ડીસીબી પોલીસ સ્ટેશનમાં જુવેનાઈલ જસ્ટિસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU)ને સોંપાઈ છે. અદાલતે આરોપી મનોજ અને વીણાના ૭ દિવસના તથા સુનીલ રાવળના ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. હાલ વડોદરા ક્રાઇમ બ્રાન્ચની ૪ અલગ-અલગ ટીમો મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતમાં ડોક્ટર ઉર્ફે સોહીલ (કોલ્હાપુર) સહિત અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

## સીકલીગર ગેંગનો ઘરફોડ ચોર ઝડપાયો, રૂ.2.74 લાખનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા શહેરની પાણીગેટ પોલીસે છેલ્લા દોઢ વર્ષ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં થયેલી ઘરફોડ ચોરીના છ ગુનાઓનો ભેદ ઉકેલી સીકલીગર ગેંગના રીઢા આરોપી રાહુલ ઉર્ફે મામા ઉર્ફે અમરસિંગ અજીતસિંગ બાવરી (સરદાર) ને ઝડપી પાડ્યો છે. તપાસ દરમિયાન આરોપીએ પાણીગેટ, મકરપુરા, સિટી, ફતેગંજ અને રાવપુરા પોલીસ મથક વિસ્તારની ઘરફોડ ચોરીઓ કબૂલી હતી. ચોરીના દાગીના દંતેશ્વરના સોની મનિષકુમાર જયંતીલાલ સોનીને વેચી દીધા હોવાનું બહાર આવતા પોલીસે તેની પણ ધરપકડ કરી હતી. આરોપી પાસેથી સોના-ચાંદીની લગડી, રોકડ રકમ, મોટરસાયકલ અને મોબાઈલ સહિત રૂ.2.74 લાખનો મુદ્દામાલ કબજે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### સામાન્ય વરસાદમાં જ વાહનવ્યવહાર ઠપ, હજારો વાહનચાલકો મુશ્કેલીમાં

# બાજવા રેલવે ગરનાળું ફરી પાણીમાં ગરકાવ, કાયમી ઉકેલની ઉઠી માંગ

**મ્યુનિસિપલ** કમિશનરે સ્થળની મુલાકાત લીધી, કાયમી આયોજનની ખાતરી આપી



(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ છાણી-બાજવા રોડ પર આવેલું બાજવા રેલવે ગરનાળું સામાન્ય વરસાદમાં જ પાણીથી છલોછલ ભરાઈ ગયું છે. આશરે બે ઇંચ વરસાદ બાદ ગરનાળામાં કેડસમા પાણી ભરાતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. છાણી, બાજવા, ઉંડેરા, કરોડિયા અને જીએસએફસી વિસ્તાર તરફ જતાં હજારો વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક વાહનો પાણીમાં ફસાઈ જતાં લોકોને લાંબો ફેરાવો કરીને અવરજવર કરવાની ફરજ પડી હતી.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વડોદરા મ્યુનિસિપલ કમિશનરે સ્થળની મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. સ્થાનિક રહીશો અને લોકપ્રતિનિધિઓએ રજૂઆત કરી હતી કે દર વર્ષે માત્ર પંપિંગ દ્વારા પાણીનો નિકાલ કરવો એ હંગામી ઉકેલ છે. વર્ષોથી યથાવત રહેલી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે અહીં ઓવરબ્રિજ બનાવવામાં આવે અથવા અલકાપુરી ગરનાળાની તર્જ પર આ ગરનાળાનું પહોળીકરણ કરી ડબલ ગરનાળું બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશનરે તાત્કાલિક પાણી નિકાલની કામગીરી વધુ ઝડપી બનાવવા સૂચના આપી હતી. સાથે જ બાજવા રેલવે ગરનાળાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે જરૂરી તકનિકી આયોજન અને વૈકલ્પિક વિકલ્પો પર વિચારણા કરવામાં આવશે તેવી ખાતરી પણ આપી હતી. સ્થાનિકોએ વહેલી તકે કામગીરી શરૂ કરવાની માંગ કરી છે.

# વરસાદમાં નગરજનો હાલાકીમાં નેતાઓ 'ફોટો સેશન'માં વ્યસ્ત!



(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરમાં સામાન્ય વરસાદ પડતાં જ અનેક સોસાયટીઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં નોકરિયાત વર્ગ અને રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા, ત્યારે સવારથી ગાયબ રહેલા પાલિકાના પદાધિકારીઓ સાંજ પડતાં જ અચાનક 'એક્શન મોડ'માં દેખાયા હતા. મેયર ગીતાબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ અને સ્ટેન્ડિંગ ચેરમેન વર્ષાબેન વ્યાસ વિશ્વામિત્રી નદીની સપાટીનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. જોકે હજુ સુધી વિશ્વામિત્રીની સપાટી ભયજનક સપાટી ઘણી દૂર છે, છતાં નેતાઓ માત્ર કેમેરા સામે ફોટો સેશન કરાવવા પહોંચી ગયા હોવાનો ગંભીર આક્ષેપ થઈ રહ્યો છે. સવારથી પાણીમાં હેરાન થતી પ્રજા વચ્ચે જઈને મુશ્કેલીઓ ઉકેલવાને બદલે માત્ર શો-બાજી કરવા નીકળેલા હોદ્દેદારોની આ કામગીરી સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## શિક્ષક અભિરૂચિ કસોટીની પરીક્ષા હવે 8 ઓગસ્ટે લેવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.31

રાજ્ય પરીક્ષા બોર્ડે શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક)-2026 ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષાની તારીખમાં ફેરફાર જાહેર કર્યો છે. અગાઉ તા. 2 ઓગસ્ટે યોજાનારી પરીક્ષા હવે હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી, પરીક્ષાર્થીઓની રજૂઆત અને સરકારના માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને તા. 8 ઓગસ્ટે યોજાશે. પરીક્ષાનો સમય અને કેન્દ્ર યથાવત રહેશે તેમજ ઉમેદવારોએ નવી હોલટિકિટ ડાઉનલોડ કરવાની જરૂર રહેશે નહીં. અગાઉ જાહેર કરાયેલી અન્ય તમામ સૂચનાઓમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઉમેદવારોએ નિર્ધારિત સમયે પરીક્ષા કેન્દ્ર પર હાજર રહેવા અને જરૂરી દસ્તાવેજો સાથે લાવવાની પણ સૂચના આપવામાં આવી છે. પરીક્ષા સંબંધિત નવીન માહિતી માટે ઉમેદવારોને રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર નજર રાખવા જણાવાયું છે. આ અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના સચિવે પરિપત્ર જાહેર કર્યો છે.

### વડોદરા જિલ્લામાં જળબંબાકાર

# દેવ ડેમ ઓવરફ્લો થતાં ડભોઈ-વાઘોડિયા માર્ગ બંધ, ૧૭ ગામો એલર્ટ

**ડભોઇ** પંથકમાં નદી-નાળા બે કાંઠે વહેતા થયા : અમરેશ્વરથી વાઘોડિયા જતા માર્ગ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર ઠપ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૧

વડોદરા જિલ્લામાં મેઘરાજાએ ધોધમાર બેટિંગ શરૂ કરી છે, જેના કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને વડોદરા રૂરલના ડભોઈ અને વાઘોડિયા પંથકમાં ભારે વરસાદ અને ઉપરવાસમાંથી પાણી છોડવામાં આવતા જનજીવન પ્રભાવિત થયું છે. ડભોઈથી વાઘોડિયાને જોડતો મહત્વનો માર્ગ ભારે વરસાદ અને ડેમના પાણીના કારણે સંપર્ક વિહોણો બન્યો છે. અમરેશ્વરથી વાઘોડિયા તરફ જવાના મુખ્ય માર્ગ ઉપર મોટા પ્રમાણમાં પાણી ફરી વળ્યા છે. રોડની આરપાર પાણી વહેવા લાગતા વાહનવ્યવહાર સંપૂર્ણપણે જોખમી બન્યો છે, જેને પગલે પ્રશાસન દ્વારા તાત્કાલિક ધોરણે આ મુખ્ય માર્ગને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

સતત વરસી રહેલા વરસાદને કારણે દેવ ડેમની સપાટીમાં વધારો થતાં ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી નીચાણવાળા વિસ્તારો અને નદી-નાળામાં ફરી વળતા પરિસ્થિતિ વધુ વિકટ બની છે. ડેમના પાણી છોડાવાની સાથે જ પંથકમાં પાણી ભરાવાના અહેવાલો મળવાની શરૂઆત થઈ ગઈ છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તાત્કાલિક સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. ડભોઈ તાલુકાના ૧૦ અને વાઘોડિયા તાલુકાના ૭ મળી કુલ ૧૭ જેટલા સંવેદનશીલ ગામોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. પ્રયાગપુરા, અમરેશ્વર, નારાયણપુરા, અને બંબોજ સહિતના આસપાસના ગામોના નાગરિકોને નદી કે પાણી ભરાયેલા માર્ગો તરફ ન જવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે.

# ભરૂચમાં રેડ એલર્ટ વચ્ચે મુશળધાર વરસાદ, નીચાણવાળા વિસ્તારોમાં જળપ્રલય

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 31

હવામાન વિભાગના રેડ એલર્ટ બાદ ભરૂચ જિલ્લામાં વહેલી સવારથી મુશળધાર વરસાદે જળપ્રલય ઉભો કર્યો છે. શુક્રવારે માત્ર 12 કલાકમાં નેત્રંગ ખાતે 11.05 ઈંચ વરસાદ નોંધાતાં પાર્વતીય આભ ફાટ્યાનો અહેસાસ થયો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદને કારણે સાતપુડાની પર્વતમાળામાંથી નીકળતી તમામ નદીઓ ગાંડીતુર બનીને પુરના રૂપમાં વહી ઉઠી છે. વાલિયા તાલુકામાં કીમ અને ટોકરી નદીએ 1994ની યાદ અપાવી દીધી. બલદેવા ડેમની કીમ નદીમાં દોલતપુર, કેસરગામ, ડહેલી, પીઠોર, દેસાડ, શિર અને શીંગલા ગામ જ્યારે પીંગુટ ડેમની ટોકરી નદીમાં રાજપરા, વાંદરિયા, જંબુગામ, ઉમરગામ, ચોરામલા, સોડગામ, શીનાડા અને નવાપરા ગામને અસર થઈ છે. વાલિયા તાલુકામાં પ્રાથમિક માહિતી મુજબ 7 ગામોના 500થી વધુ અસરગ્રસ્તોને સ્થળાંતર કરવામાં આવ્યા છે.

**લુણાવાડા નગર સેવા સદન**
**ઈ- નિવિદા નં-૩૬૨ સને-૨૦૨૬-૨૭**

આઈ.ડી.નં.

ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૨૩૦, લુણાવાડા નગરપાલિકા દ્વારા સ્વભંડોળ અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં વિવિધ નાના-મોટા વિકાસકીય કામો તેમજ મેઇન્ટેનન્સ મરામતના કામો અંદાજીત કિંમત રૂ.૨૫.૦૦ લાખ (૧) એજન્સીની પાત્રતા- ઠેકેદારશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઇએ તથા ટેન્ડર ડોકયુમેન્ટમાં રાખેલ જોગવાઇ મુજબ (૨) ઓનલાઇન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ-૧૯/૦૮/૨૦૨૬ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવેલ દસ્તાવેજો રજુ કરવાનો સમયગાળો તારીખ-૧૯/૦૮/૨૦૨૬ થી તારીખ- ૨૮/૦૮/૨૦૨૬ દરમ્યાન રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાની રહેશે. (૩) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી. વધુ વિગતો http//nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે. ઓનલાઇન ટેન્ડરમાં તેમજ જાહેરાતમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઇન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઇન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

(જીગ્નેશકુમાર બી. પંડયા) અધ્યક્ષ, બાંધકામ સમિતી લુણાવાડા નગરપાલિકા
(સમીરકુમાર આર. મહેતા) કારોબારી અધ્યક્ષ લુણાવાડા નગરપાલિકા
(દિનેશભાઇ એલ. ડામોર) ઉપપ્રમુખ લુણાવાડા નગરપાલિકા
(નરેશભાઇ બી. મુનિયા) મુખ્ય અધિકારી નગરપાલિકા લુણાવાડા
(ડાૅ.કિર્તીકુમાર આર. પટેલ) પ્રમુખ નગરપાલિકા લુણાવાડા

તા.૩૦/૦૭/૨૦૨૬ (માહિતી/ગોધરા/૩૫૫/૨૬)

# સાગબારામાં રેકોર્ડબ્રેક વરસાદ : છ કલાકમાં સાડા ચાર ઇંચ વરસાદ, નદીઓમાં ઘોડાપૂર

**સાગબારા-સેલંબામાં** અંબિકા નદીનું રૌદ્ર સ્વરૂપ, અનેક વિસ્તારોમાં પાણી ઘૂસતાં જળબંબાકાર સ્થિતિ

(પ્રતિનિધિ) સાગબારા, તા.31

નર્મદા જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે શુક્રવારે માત્ર છ કલાકમાં સાડા ચાર ઈંચ મેઘમહેર થઈ છે. જિલ્લામાં સૌથી વધુ સાગબારામાં ૫.૧૯ ઈંચ, ડેડીયાપાડામાં ૪.૧૦ ઈંચ અને ચીક્દામાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે.

ભારે વરસાદને કારણે સેલંબા અને સાગબારા ખાતે આવેલી અંબિકા નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. નદીના પાણી આસપાસની સોસાયટીઓમાં તેમજ સેલંબાના આંબાવાડી સહિતના વિસ્તારોમાં ઘૂસી જતાં અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા છે. અનેક વાહનો પાણીમાં ડૂબી ગયાના અહેવાલો મળી રહ્યા છે.



તિલકવાડા તાલુકાના ગૌચરિયા ખાતે નદીના ધસમસતા પાણીના વહેણથી બચવા 22 વર્ષીય શશીકાંત રમેશ તડવી ઝાડ ઉપર ચઢી ગયો હતો. સ્થળ ઉપર સરપંચ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામજનો દ્વારા તાત્કાલિક પહોંચી તેનું સફળ રેસ્ક્યુ કરવામાં આવતા તે બચી ગયો. સાગબારા તાલુકાના ઉમાન ગામે બે કુટુંબના સાત વ્યક્તિઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

કેવડીયા-તણખલા રોડ પર નિર્માણાધીન બ્રિજ પર બનાવેલા ડાયવર્ઝન પર પાણી ઓવરટોપીંગ થતું હોવાથી હાલ રસ્તો બંધ કરવામાં આવ્યો છે. ડેડીયાપાડા તાલુકાના અણદુ ગામે ગરનાળા ઉપર પાણી ફરી વળતાં રસ્તો બંધ કરવામાં આવ્યો છે. સતત વરસી રહેલા વરસાદને કારણે ગરનાળામાં પાણીનું સ્તર વધતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે.

**કરજણ ડેમના ગેટ્સ ખુલ્લા, ૫૩ હજાર ક્યુસેક્સ પાણી છોડાયું**

કરજણ ડેમમાં ઉપરવાસથી પાણીની આવક વધતાં વહીવટી તંત્રે તબક્કાવાર ગેટ્સ ખોલવાનું શરૂ કર્યું છે. સવારે 8.10 કલાકે ગેટ નં.2,4,5,6 (2.40 મીટર) ખુલ્લા હતા. ત્યારબાદ સવારે 9.10 કલાકે ગેટ નં.3 અને 7 (2.40 મીટર) વધુ ખોલવામાં આવતાં ડેમમાંથી હેઠવાસમાં આશરે 53,483 ક્યુસેક્સ પાણીની જાવક ચાલુ કરી છે. ભારે વરસાદને પગલે ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. વહીવટી તંત્ર દ્વારા ગેટ્સ મારફતે તબક્કાવાર કુલ આશરે 90,000 ક્યુસેક્સ પાણી છોડવાનું આયોજન કરાયું છે. નીચાણવાળા વિસ્તારોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

# સાવલી નગરમાં સાંજના સમયે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ

**માત્ર 35** મીમી વરસાદમાં પાણી ભરાઈ જતા પાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખુલી



(પ્રતિનિધિ) સાવલી તા.31

સાવલી નગરમાં સાંજના સમયે પડેલા ધોધમાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. પોલીસ સ્ટેશનથી જન્મોત્રી હોસ્પિટલ જવાના માર્ગ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા, જ્યારે રસ્તા પર વૃક્ષ ધરાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. સાવલી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને વૃક્ષ હટાવી માર્ગ ખુલ્લો કરાવ્યો હતો.

ભારે વરસાદના કારણે હોસ્પિટલ પહોંચતા દર્દીઓ અને તેમના સ્વજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક દર્દીઓને પાણીમાંથી સહારો આપી બહાર લાવવાની ફરજ પડી હતી. જશોદાનગર ચોકડી, ગોકુળ વાટિકા, સાવલી હાઈસ્કૂલ રોડ અને જૂની શાકમાર્કેટ સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. માત્ર 35 મિમી વરસાદમાં જ નગરની આવી સ્થિતિ સર્જાતા સ્થાનિકોએ નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી દર વર્ષે આવી સ્થિતિ સર્જાય છે. વરસાદી પાણીના તાત્કાલિક નિકાલની માંગ સાથે લોકોએ પાલિકા સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સાંજે 5:30થી 6:15 દરમિયાન 35 મિમી વરસાદ નોંધાતા સીઝનનો કુલ વરસાદ 243 મિમી થયો છે. વહીવટી તંત્ર સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

**ગુજરાત રાજ્ય**
**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**

**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૨ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ ધ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર કુલ-૧ થી ૫ કામો ઈ-૧ & ઉપરના વર્ગના ઈજારદાર પાસેથી એસ.બી.ડી ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૩૬.૧૯ લાખથી રૂ. ૪૮.૨૫ લાખ સુધીની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ :https://tender.nprocure.com પર તા.૦૩/૦૮/૨૦૨૬ થી તા.૧૭/૦૮/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ ઉપરોક્ત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દર્મ્યાન સંપર્ક કરવો.

(માહિતી/ગોધરા/૩૫૬/૨૬)